**ફોજદારી ઈન્કવાચરી નં.૮૦/૨૦૨૬**

**આંક:૧ નીચે હુકમ**

ઈન્કવાચરીના કામે ફરીયાદીની ફરીયાદ, રજુ થયેલ અસલ દસ્તાવેજી પુરાવા તથા ફરીયાદના સમર્થનમાં ફરીયાદીની ક્રી.પ્રો.કોડ કલમ: ૨૦૦ હેઠળ વેરીફીકેશન સોગંદનામું વંચાણે લેવામાં આવેલ છે. ફરીયાદીના વિ.વ.શ્રીની રજુઆત તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા ફરીયાદીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ:૧૩૮ મુજબની હાલની ફરીયાદ દાખલ કરેલાનું અને આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ:૧૩૮ મુજબનો ગુનો કરેલાનુ હાલના તબકકે પ્રાથમિક રીતે જણાય આવે છે. જેથી હાલની ફરીયાદ ફોજદારી કેસ રજીસ્ટરે દાખલ કરવાનો હુકમ કરવામા આવે છે તથા ફરીયાદીએ પ્રોસેસ ફી ભર્યેથી મુદ્દત તા.૩/૦૮/૨૦૨૬ ના રોજનો ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ:૧૩૮ અન્વયે શિક્ષાપાત્ર ગુના સબબનો સમન્સ નામદાર સુપ્રીમ કોર્ટના 2014 AIR SC 2528, INDIAN BANK ASSOCIATION & ORS V/S. U.O.I. & ORS ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત અન્વયે આરોપીને આપવાની ફરીયાદ તથા તે સાથેના તમામ દસ્તાવેજોની નકલ બીડયા બાદ ઈસ્યુ કરવાનો હુકમ કરવામા આવે છે તથા ઈન્કવાચરી ફેંસલ કરવાનો હુકમ કરવામા આવે છે.

આજરોજ હુકમ તા.૨૦ મી માહે:જુન સને : ૨૦૨૬ ના રોજ સહી કરી જાહેર કર્યો.

**સ્થળ: મોડાસા**
**તા. :૨૦/૦૬/૨૦૨૬**

**(એસ.આર.શર્મા)**
**એડી.જ્યુડી.મેજી.ફ.ક.**
**મોડાસા.**
**કોડ નં.જીજે-૦૧૫૭૧**